# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી કોવિડ-૧૯ શૈક્ષણિક સહાય યોજના

કોવિડ-૧૯ની વિશ્વવ્યાપી મહામારીમાં પોતાની શૈક્ષણિક જવાબદારી સંદર્ભે "ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી કોવિડ-૧૯ શૈક્ષણિક સહાય યોજના" જાહેર કરવામાં આવી છે. કોવિડ-૧૯ મહામારીમાં જેઓએ માતા-પિતા ગુમાવ્યા હોય, ઘરમાંથી એકમાત્ર રોજીરોટી કમાનાર પુરુષ તરીકે પિતા/પતિ કે દીકરો ગુમાવ્યા હોય કે ઘરમાં કોઈપણ રોજીરોટી કમાનાર વ્યક્તિ રહ્યું ન હોય તેવા સંજોગોમાં કોઈપણ વ્યક્તિ આ યોજના હેઠળ વિનામૂલ્યે ઓગષ્ટ-૨૦૨૧ના પ્રવેશ સત્રમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમોમાં પ્રવેશ લઈ શકે છે. કોવિડ-૧૯ મહામારીની આ યોજના અંતર્ગત વિનામૂલ્યે શિક્ષણ મેળવવા માટે ધ્યાનમાં લેવાના મુદ્દા નીચે મુજબ છે :

1. કોઈ પણ અભ્યાસક્રમમાં યુનિવર્સિટી માપદંડ પ્રમાણે પ્રવેશ લેવા માટે કોવિડ-૧૯ મહામારી અંતર્ગત થયેલ ઘરના સભ્યના મૃત્યુ અંગેના પ્રમાણપત્ર ફરજિયાત રજૂ કરવાના રહેશે.
2. આ યોજના અંતર્ગત પ્રવેશ મેળવનાર વ્યક્તિ કોઈપણ પ્રકારની આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિ કરતા ન હોવા જોઈએ, જે માટે યુનિવર્સિટી દ્વારા નમૂનાનું આપેલ એફિડેવિટ પ્રવેશ ફોર્મ સાથે જોડવું અનિવાર્ય રહેશે.
3. પ્રવેશ લીધા બાદ જો વ્યક્તિ આર્થિક ઉપાર્જન કરતી થાય તો તેને જે તે સમયથી આ યોજનાનો લાભ મળતો બંધ થશે તેથી તેણે તે પછીના સત્ર કે વર્ષથી અભ્યાસક્રમની ફી અચૂક ભરવાની રહેશે.
4. બી.એડ., સીસીસી ઇન સર્વિસ અને સીસીસી પ્લસના અભ્યાસક્રમો ચાલુ નોકરીના વ્યક્તિઓ માટે હોવાથી આ અભ્યાસક્રમોને આ યોજના લાગુ પડશે નહીં.

ઉપરોક્ત બાબતને ધ્યાને લઈ આ યોજના અંતર્ગત શૈક્ષિણક રીતે મદદરૂપ થવાનો ઉદ્દેશ યુનિવર્સિટી ધરાવે છે, જેથી શક્ય હોય ત્યાં સુધી જરૂરિયાતમંદ વ્યક્તિને આ યોજના વિશે જણાવવા જાહેર જનતાને અનુરોધ છે. જેની વધુ માહિતી માટે 7572800487 સંપર્ક કરશો.